પેરોલ/ફર્લોની મંજૂરી માટે આપવાના થતા પોલીસ અભિપ્રાય તેમજ પેરોલ/ફર્લો મંજૂર કરવાની કાર્યવાહી સુદ્રઢ કરવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ

ક્રમાંકઃજલક/૩૯૨૦૧૨/મંત્રી-૭૮/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 29 JUN 2012

**પરિપત્રઃ**

રાજયની જેલોના સજા પામેલ કેદીઓને પેરોલ/ફર્લો મંજૂર કરવાની કાર્યવાહી મુંબઇ પેરોલ/ફર્લો નિયમો, ૧૯૫૯ની જોગવાઇ મુજબ સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તેમજ જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી દ્વારા કરવામાં આવે છે. પેરોલ/ફર્લો મંજૂર કરવાની કાર્યવાહી સંદર્ભે સંબંધિત પોલીસ સત્તાધિકારીનો અભિપ્રાય મેળવવાની કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ અનુભવે એવું જણાયેલ છે કે સંબંધિત પોલીસ સત્તાધિકારીઓ દ્વારા માગણી મુજબની પેરોલ/ફર્લો સંબંધે માત્ર સુલેહશાંતિનો ભંગ કરાવે તેવી શકયતા હોઇ નકારાત્મક અભિપ્રાય આપવામાં આવે છે અને તેના અનુસંધાને પેરોલ/ફર્લો મંજૂર કરનાર સત્તાધિકારી દ્વારા તે અભિપ્રાય પ્રમાણે કેદીની પેરોલ/ફર્લોની માંગણી નામંજૂર કરવામાં આવે છે. તાજેતરમાં નામ.હાઇકોર્ટમાં દાખલ થયેલ સ્પે.ક્રિમીનલ એપ્લી.નં.૧૫૪૩/૨૦૧૨માં નામ.હાઇકોર્ટના તા.૧૮/૦૫/૨૦૧૨ના ચૂકાદામાં તેમજ ક્રિમી.મીસે.એપ્લી.નં.૬૯૮૭/૨૦૧૨ ઇન ક્રિમીનલ અપીલ નં.૨૨૯૯/૨૦૦૯માં નામ.હાઇકોર્ટના તા.૧૧/૦૬/૨૦૧૨ના ચૂકાદામાં ગુન્હાની ગંભીરતા, સંબંધિત કેદીઓ દ્વારા અગાઉ ભોગવવામાં આવેલ પેરોલ/ફર્લોની વિગતો તેમજ તે દરમિયાન કેદી દ્વારા સુલેહશાંતિનો ભંગ થાય તેવી કોઇ કાર્યવાહી નહીં થયેલ હોવા છતાં તેમજ કેદીએ અગાઉ ઘણીવખત પેરોલ/ફર્લો/વચગાળાના જામીન ભોગવેલ હોવા છતાં અને તે સમય દરમિયાન તેમના વિરૂધ્ધ કોઇ ગુન્હા નહીં નોંધાયેલ હોવાની બાબતની અવગણના કરીને માત્ર યંત્રવત રીતે નકારાત્મક પોલીસ અભિપ્રાય આપવામાં આવેલ અને તે અભિપ્રાય ધ્યાને લઇ કેદીની પેરોલ/ફર્લો સંબંધિત સત્તાધિકારી દ્વારા નામંજૂર કરવામાં આવતી કાર્યવાહી તરફ નામ.હાઇકોર્ટે સખત નારાજગી વ્યકત કરી આ પ્રકારની બાબતોનું પુનરાવર્તન ન થાય તે જોવા અને આ સંદર્ભે જરૂરી સૂચનાઓ સંબંધિત સત્તાધિકારીઓને આપવા સચિવશ્રી, ગૃહ વિભાગને જણાવવામાં આવેલ છે અને તા.૧૫/૦૭/૨૦૧૨ સુધીમાં આ બાબતે અહેવાલ આપવા પણ જણાવેલ છે.

૨. ઉકત હકીકત ધ્યાને લઇ હવેથી કેદીની પેરોલ/ફર્લો મંજૂર કરવાની કાર્યવાહીના કિસ્સામાં પોલીસ સત્તાધિકારી દ્વારા કેદી દ્વારા આચરવામાં આવેલ ગુન્હાની ગંભીરતા, કેદીનો ગુન્હાહીત ઇતિહાસ, અગાઉ ભોગવેલ પેરોલ/ફર્લોની વિગતો તેમજ તે દરમિયાન સુલેહશાંતિનો ભંગ થયેલ

હોય તે સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો તેમજ પેરોલ/ફર્લોના કારણોની વિગતો તપાસી પેરોલ/ફર્લો મંજૂર/નામંજૂર કરવા અંગેના ચોકકસ કારણો સાથે સ્પષ્ટ અભિપ્રાય આપવાનો રહેશે. ચોકકસ કારણો સાથેના સ્પષ્ટ અભિપ્રાયને ધ્યાને લઇ પેરોલ/ફર્લો મંજૂર કરનાર સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા પણ પેરોલ/ફર્લો માગવાના કારણોનું વાજબીપણું ચકાસી તેમજ ઉકત વિગતોને ધ્યાને લઇ ફકત યંત્રવતરીતે નહીં પરંતુ સ્પષ્ટ અભિપ્રાય સહીત પેરોલ/ફર્લો મંજૂર/નામંજૂર કરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

૩. આ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવામાં આવે તે જોવા પણ સંબંધિત સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધીમંત એ. પટેલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(જેલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
- પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત
- તમામ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ,
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ,
- તમામ અધિક્ષકશ્રીઓ, મધ્યસ્થ જેલ/જિલ્લા જેલ/ખાસ જેલ/સબ જેલ/ઓપન જેલ(**જે.ઇ.જ.શ્રી મારફત**)
- સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ./ સિલેકટ ફાઇલ,